| | | | |
|---|---|---|---|
| **તારીખ** | ૧૩ | ૦૮ | ૨૦૨૫ |
| **રજી.તારીખ** | ૧૩ | ૦૮ | ૨૦૨૫ |
| **ફે. તારીખ** | ૦૧ | ૦૪ | ૨૦૨૬ |
| **સમયગાળો** | વર્ષ | માસ | દીવસ |
| | | | |

---------------------------------------------

**જામજોધપુરના જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીની કોર્ટમાં મુકામ જામજોધપુર**

---------------------------------------------

**ફોજદારી કેસ નં. ૧૦૧૯/ ૨૦૨૫**

**આંક–**

**ફરીયાદી** – શ્રી સરકાર

**વી.**

**આરોપી** – **વિનુભાઇ માંડાભાઇ મોરી**
ઉ.વ.–૪૨
રહે. ખાગેશ્રી ગામ, ઘુના કાંઠો, તા.કુતીયાણા, જી.પોરબંદર.
મુળ રહે. બોચવડી નેશ, તા.જામજોધપુર, જી.જામનગર.

------------------------------------------------

**ગુન્હો – ગુજ. પ્રોહી. એકટ કલમ– ૬૫(બી)(સી)(ડી) (ઇ) (એફ)**

------------------------------------------------

| | |
|---|---|
| **ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી** | એસ.યુ.બાબી |
| **આરોપી તરફે વિ. વ.શ્રી.** | આર.કે.સાપરીયા |

**– :: ઠરાવ :: –**

(૧) ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, તા. ૧૯–૦૪–૨૦૨૫ ના રોજ કલાક ૨૦:૩૦ વાગ્યે બોચવડી નેશ ગામે આવેલ સ્મશાન પાસે નદીના કાંઠે, બાવળની કાટમાં આ કામના આરોપીએ ગે.કા. રીતે દેશી દારૂ

બનાવવાની ભઠી પર દેશી દારૂ બનાવવાના સાધનો કિ.રૂ.૫૦૦/– તથા દેશી દારૂ લી.૧૦૦ કિ.રૂ.૨૦,૦૦૦/– તથા સ્થળ ઉપર નાશ કરેલ કાચો આથો લીટર ૫૦૦ કિ.રૂ.૧૨,૫૦૦/– તથા અર્ધબળેલ આથો લીટર ૫૦ કિ.રૂ.૧૨૫૦/– એમ કુલ કિ.રૂ.૩૪,૨૫૦/– ના મુદામાલ સાથે રેઈડ દરમ્યાન હાજર નહી મળિ આવતા ગુન્હો કરેલ હોય મુદામાલ પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ આ બાબતે ફરિયાદીએ આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ–૬૫ (બી)(સી)(ડી)(ઇ)(એફ) મુજબની ફરિયાદ આપતા તેની તપાસના અંતે આરોપી વિરુધ્ધ હાલનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આરોપી કોર્ટમાં હાજર થતા તેને બી.એન.એસ.એસની કલમ– ૨૩૦ મુજબ પોલીસ તપાસના કાગળોની તમામ નકલો વિના મુલ્યે આપેલ. આ કામે આંક–૦૬ થી તહોમતનામુ ફરમાવી, આંક–૦૭ થી ગુના અંગેની પ્લી લેતાં, તેઓને ગુનો કબુલ ન હોય હાલનો કેસ આગળ ચલાવવામાં આવેલ.

(૩) આ કામે ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કવા નીચે મુજબના પુરાવાઓ આપેલ છે.

**મૌખિક પુરાવો**

| ક્રમ | સાહેદનુ નામ | | આંક |
|---|---|---|---|
| ૧ | પંચ સાહેદ | મહેન્દ્રભાઇ ચંદુભાઇ કડીવાર | ૮ |
| ૨ | પંચ સાહેદ | સલીમભાઇ શેરમામદભાઇ મકરાણી | ૧૦ |
| ૩ | ફરીયાદી | પ્રકાશભાઇ બાબુભાઇ ભાટીયા | ૧૧ |
| ૪ | ત.ક.અ | ધર્મેન્દ્રસિંહ માધુભા કંચવા | ૧૩ |

**દસ્તાવેજી પુરાવો**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચનામું | ૯ |
| ૨ | ફરીયાદ | ૧૨ |

(૪) ત્યાર બાદ પુરાવાના અંતે આ કામના આરોપી વિરુધ્ધ રેકર્ડ પર આવેલા પુરાવા સંદર્ભે તેને પોતાના બચાવની વ્યાજબી અને પુરતી તક મળી રહે તે હેતુથી ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ ૩૫૧ અન્વયે આરોપીના લેવાયેલા નિવેદન તળે વિશેષ નિવેદન લેતા તેમણે જણાવેલ છે કે, તેમના ઉપર ખોટો કેસ કરેલ છે તેમજ તેઓને બચાવના સાહેદો તપાસવા નથી કે સોગંદ પર પુરાવો આપવો નથી, ત્યાર બાદ દલીલો સાંભળવામાં આવેલ તેમજ રેકર્ડ ઉપરનો પુરાવો ધ્યાને લીધો.

(૫) આમ, હાલના કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**:: મુદા ::**

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, તા. ૧૯-૦૪-૨૦૨૫ ના રોજ કલાક ૨૦:૩૦ વાગ્યે બોચવડી નેશ ગામે આવેલ સ્મશાન પાસે નદીના કાંઠે, બાવળની કાટમાં આ કામના આરોપીએ ગે.કા. રીતે દેશી દારૂ બનાવવાની ભઠી પર દેશી દારૂ બનાવવાના સાધનો કિ.રૂ.૫૦૦/- તથા દેશી દારૂ લી.૧૦૦ કિ.રૂ.૨૦,૦૦૦/- તથા સ્થળ ઉપર નાશ કરેલ કાચો આથો લીટર ૫૦૦ કિ.રૂ.૧૨,૫૦૦/- તથા અર્ધબળેલ આથો લીટર ૫૦ કિ.રૂ.૧૨૫૦/- એમ કુલ કિ.રૂ.૩૪,૨૫૦/- ના મુદામાલ સાથે રેઈડ દરમ્યાન હાજર નહી મળિ આવતા ગુન્હો કરેલ હોય મુદામાલ પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ આ બાબતે ફરિયાદીએ આરોપી વિરુધ્ધ પ્રોહીબીશન એકટની કલમ-૬૫(બી)(સી)(ડી)(ઇ)(એફ) મુજબ નો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**:: નિર્ણયો ::**

(૧) મુદ્દા નંબર : ૧ : નકારમાં

(૨) મુદ્દા નંબર : ૨ : આખરી હુકમ મુજબ.

**:: કારણો ::**

(૭) ઉપરોકત નિર્ણય પર આવવા માટેના મારા કારણો નીચે મુજબ છે.

**મુદા નં.૧ :–**

(૭.૧) આ ફરીયાદ મુદ્દામાલ રીકવર કર્યા અંગેના પંચનામાનાં પંચ સાહેદોને તપાસવામા આવેલ છે. આ પંચ સાહેદોએ જણાવેલ છે કે, તેઓ પોલીસ સાથે કોઈ કામગીરીમાં ગયેલ નથી, પરંતુ તે સમયાગાળમાં તેઓની પોલીસે તૈયાર લખાણમાં સહી લીધેલી. તે રીતે આ પંચ સાહેદે ફરીયાદ પક્ષનાં કેસની હકીકતને કોઈ સમર્થન આપેલ નથી. એટલે કે, ફરીયાદ પક્ષ તરફથી મુદ્દામાલ રીકવર કરેલ તે બાબતના પંચ સાહેદ ને તપાસવામાં આવેલા છે અને તેમની જુબાની દરમ્યાન જે પંચનામુ રજુ થયેલ છે તે રજુ થયેલ પંચનામા ને પંચસાહેદોએ સમર્થન આપી તે પંચનામાની હકીકતને પુરવાર કરેલ નથી. આમ, બનાવના ભાગરૂપે પોલીસ તપાસની કાર્યવાહી દરમ્યાન પંચનામુ થયેલ છે અને તે પોલીસ કાર્યવાહીનાં સમર્થનમાં જે પંચનામું રજુ થયેલ છે, તે પંચનામું ફરીયાદ પક્ષે સચોટ પુરાવાથી પુરવાર કરવું જોઈએ. તે આ કામે પંચનામુ પુરવાર થયેલ નથી. જે આગળ ઉપર કરેલ ચર્ચા ધ્યાને લેતાં સ્પષ્ટ બની રહેલ છે.

(૭.૨) ફરીયાદપક્ષે ફરીયાદી તેઓની આંક–૧૧ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, ગઈ તા.૧૯/૦૪/૨૦૨૫ ના રોજ અમો તથા પો.સ્ટાફના માણસો એ બીટ વિસ્તારમાં ક.૧૯:૦૦ વાગ્યેથી પેટ્રોલીંગમાં હતા ત્યારે ફરતા ફરતા ક.૨૦:૦૦ વાગ્યે બોચવડીનેશ પાસે પહોંચતા ખાનગી રાહે હકીકત મળેલ કે અહીં બોચવડી નેશ પાસે સ્મશાન પાસે નદીના કાંઠે બાવળની કાંટમાં વિનુભાઇ માંડાભાઇ મોરી રે.બોચવડી નેશ વાળો દારૂ બનાવવાની પ્રવુતિ કરે છે અને હાલ પ્રવુતિ ચાલુ છે તે હકીકતના આધારે તુરત જ બે રાહદારી પંચોને બોલાવી હકીકત ની સમજ કરી પંચો સાથે ક.૨૦:૩૦ વાગ્યે હકીકત વાળી જગ્યાએ રેડ કરતા સદર જગ્યાએ કોઈ ઈસમ હાજર મળી આવેલ નહી. સદર જગ્યાએ દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ચાલુ હોય પંચો રૂબરૂ સદર જગ્યાએ જોતા એક પતરાનું આડુ બેરલ ( બાફણીયું) તથા એક નળી તથા બાજુમાં રહેલ પતરાના બેરલ તરફ જતી જોવામાં આવેલ. જે ભઠ્ઠો ચાલુ હાલતમાં હોય લાકડા બહાર કાઢી માટી વડે ચુલાને ઠારી પ્લાસ્ટીકના કેનમાં ગરમ

વરાળવાળું પ્રવાહી ભરેલ હોય જે પ્રવાહી પંચો રૂબરૂ સુંધી સુંધાડી ખાતરી કરતા તેમાં દેશી દારૂ લિ–૫૦ કિંમત રૂ.૧૦૦૦૦/– તથા બાજુમાં એક કેન જોવામાં આવેલ જે કેનમાં પંચો રૂબરૂ ખોલી જોતા તેમાં પરદર્શક પ્રવાહી ભરેલ જોવામાં આવેલ. જે કેનમાં આશરે દેશી દારૂ લિ–૫૦ કિંમત રૂ.૧૦,૦૦૦/– તથા આડા બેરલમાં અડધો બળેલ આથો લિ–૫૦૦ કિંમત રૂ.૧૨૫૦૦/– મળી કુલ રૂ.૩૪૨૫૦/– નો મુદામાલ મળી આવેલ હોય જેમાંથી સેમ્પલ બોટલ ભરી તપાસ અર્થે સાથેના હેડ કો.ડી.એમ.કંચવાનાએ કબ્જે કરેલ અને વિગતવારનું પંચો રૂબરૂ નું પંચનામું કરેલ. તેમજ મુદામાલ નળી તેમજ દેશી દારૂ કબ્જે કરેલ અને આથો હેરવી ફેરવી શકાય તેમ ન હોય પંચો રૂબરૂ સ્થળ પર નાશ કરેલ. તેમજ આરોપી સામે ધોરણસર થવા અમોએ પ્રોહી કલમ ૬૫બીસીડીઈએફ મુજબના ગુના અંગેની ફરિયાદ આપેલ.જે ફરીયાદ બતાવતા તેમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે. જે ફરીયાદ આંક– ૧૨ થી રજુ છે.

બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા એ હકીકત કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે પ્રથમ પંચનામું કરેલ ત્યારબાદ ફરીયાદ કરેલ. એ વાત ખરી છે કે ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે રેડ વારી જગ્યા જાહેર વિસ્તાર છે . એ વાત ખરી છે કે રેડ વારી જગ્યાની માલિકી અંગેના કોઇ સાધનિક પુરાવાઓ ફરીયાદના કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે આરોપી ના પ્રત્યક્ષ કબ્જામાંથી કોઇ પ્રતિબંધિત પ્રોહી મુદામાલ મળી આવેલ નથી. એ વાત ખરી છે કે પેટ્રોલીંગ માં જે વાહનમાં ગયેલા તેના નંબર ફરિયાદમાં જણાવેલ નથી. એ વાત ખરી નથી કે પંચો રૂબરૂ પ્રોહી મુદામાલ મળી આવેલ ન હોય કામગીરી બતાવવા આરોપી વિરુધ્ધ ખોટી ફરીયાદ કરેલ.

(૭.૩) ફરીયાદપક્ષે સાહેદ ત.ક.અ તેઓની આંક–૧૩ ની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, ગઇ તા.૧૯/૦૪/૨૦૨૫ ના રોજ અમો તથા પો.સ્ટાફના માણસો એ બીટ વિસ્તારમાં ક.૧૯:૦૦ વાગ્યેથી પેટ્રોલીંગમાં હતા ત્યારે ફરતા ફરતા ક.૨૦:૦૦ વાગ્યે બોચવડીનેશ પાસે પહોંચતા ખાનગી રાહે હકીકત મળેલ કે અહીં બોચવડી નેશ પાસે સ્મશાન પાસે નદીના કાંઠે બાવળની કાંટમાં વિનુભાઇ માંડાભાઇ મોરી રે.બોચવડી નેશ વાળો દારૂ બનાવવાની પ્રવુતિ કરે છે અને હાલ પ્રવુતિ ચાલુ છે તે

હકીકતના આધારે તુરત જ બે રાહદારી પંચોને બોલાવી હકીકત ની સમજ કરી પંચો સાથે ક.૨૦:૩૦ વાગ્યે હકીકત વાળી જગ્યાએ રેડ કરતા સદર જગ્યાએ કોઇ ઇસમ હાજર મળી આવેલ નહી. સદર જગ્યાએ દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ચાલુ હોય પંચો રૂબરૂ  સદર જગ્યાએ જોતા એક પતરાનું આડુ બેરલ ( બાફણીયું) તથા એક નળી તથા બાજુમાં રહેલ પતરાના બેરલ તરફ જતી જોવામાં આવેલ. જે ભઠ્ઠો ચાલુ હાલતમાં હોય લાકડા બહાર કાઢી માટી વડે ચુલાને ઠારી પ્લાસ્ટીકના કેનમાં ગરમ વરાળવાળું પ્રવાહી ભરેલ હોય જે પ્રવાહી પંચો રૂબરૂ સુંઘી સુંઘાડી ખાતરી કરતા તેમાં દેશી દારૂ લિ-૫૦ કિંમત રૂ.૧૦૦૦૦/- તથા બાજુમાં એક કેન જોવામાં આવેલ જે કેનમાં પંચો રૂબરૂ ખોલી જોતા તેમાં પરદર્શક પ્રવાહી ભરેલ જોવામાં આવેલ. જે કેનમાં આશરે દેશી દારૂ લિ-૫૦ કિંમત રૂ.૧૦,૦૦૦/- તથા આડા બેરલમાં અડધો બળેલ આથો લિ-૫૦૦ કિંમત રૂ.૧૨૫૦૦/- મળી કુલ રૂ.૩૪૨૫૦/- નો મુદામાલ મળી આવેલ હોય જેમાંથી સેમ્પલ બોટલ ભરી તપાસ અર્થે અમોએ કબ્જે કરેલ અને વિગતવારનું  પંચો રૂબરૂ નું  પંચનામું કરેલ. તેમજ મુદામાલ નળી તેમજ દેશી દારૂ કબ્જે કરેલ અને આથો હેરવી ફેરવી શકાય તેમ ન હોય પંચો રૂબરૂ સ્થળ પર નાશ કરેલ. તેમજ આરોપી સામે ધોરણસર થવા સાથેના પો. કો. પ્રકાશભાઇ બાબુભાઇ ભાટીયાનાઓએ પ્રોહી કલમ ૬૫બીસીડીઇએફ મુજબના ગુના અંગેની ફરિયાદ આપેલ જેમાં ફરીયાદી ની તથા રૂબરૂ તરીકે મારી સહી છે. જે હું ઓળખું છું. સદર ગુનાના કામની તપાસ અમોને સોંપતા સદર ગુનાના કામે લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ.મુદામાલ તપાસણી અર્થે એફ.એસ.એલ.માં મોકલેલ. આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા નામ. કોર્ટમાં ચાર્જશીટ કરેલ.

બચાવ પક્ષના વિ.વ.શ્રી દ્વારા ઉલટ તપાસ કરવામાં આવતા એ હકીકત કબુલ કરેલ છે કે, એ વાત ખરી છે કે સદર કામે તટસ્થ સાહેદોના નિવેદનો લીધેલા નથી. એ વાત ખરી છે કે પ્રથમ પંચનામું કરેલ ત્યારબાદ ફરીયાદ કરેલ. એ વાત ખરી છે કે ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. એ વાત ખરી છે રેડ વારી જગ્યા જાહેર વિસ્તાર છે . એ વાત ખરી છે કે આ કામે રાહદારીઓના નિવેદન લીધેલ નથી.એ વાત ખરી છે કે રેડ વારી જગ્યાની માલિકી અંગેના કોઇ સાધનિક પુરાવાઓ તપાસના કામે રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે ચાર્જશીટના કામે એફ.એસ.એલ.રીપોર્ટ રજુ રાખેલ નથી. એ વાત ખરી છે કે એફ.એસ.એલ.રીપોર્ટ રજુ

રાખેલ ન હોય પકડાયેલ મુદામાલ પ્રતિબંધિત પ્રોહી મુદામાલ હતો કે કેમ તે કહી શકાય નહી. એ વાત ખરી છે કે આરોપી ના પ્રત્યક્ષ કબ્જામાંથી કોઇ પ્રતિબંધિત પ્રોહી મુદામાલ મળી આવેલ નથી. એ વાત ખરી છે કે પેટ્રોલીંગ માં જે વાહનમાં ગયેલા તેના નંબર ફરિયાદમાં જણાવેલ નથી.એ વાત ખરી છે કે સદર કામે હું રેડ પાર્ટીમાં સામેલ હતો અને સદર ગુનાની તપાસ પણ મે કરેલ. એ વાત ખરી નથી કે આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો ન હોય ખોટી તપાસ કરી ખોટું ચાર્જશીટ કરેલ.

(૭.૪) આ સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા ફરિયાદ પક્ષ તરફે રજૂ થયેલ નથી.

(૭.૫) આમ, આ કામે રજૂ થયેલ સમગ્ર મૌખિક તથા દસ્તાવેજી પુરાવો જોતાં આ કામે તપાસવામાં આવેલ પોલીસ સાહેદોએ ફરીયાદપક્ષના કેસની હકીકતોને અનુરુપ પુરાવો આપેલ છે અને આરોપીના કબ્જામાંથી પંચનામાની વિગતે દેશી દારૂનો આથો મળિ આવેલ હોવાનું પોતાના પુરાવામાં જણાવે છે. પરંતુ આ કામે એકમાત્ર સ્વતંત્ર કહી શકાય તેવા પંચ સાહેદોનો પડેલ પુરાવો ધ્યાને લેતા તેઓએ માત્ર લખેલા કાગળમાં સહી કરવાનું કહેતા સહી કરી આપેલ હોવાનું જણાવેલ આંક-૦૯ થી રજુ થયેલ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. આમ, પંચોની હાજરીમાં આરોપીના કબ્જામાંથી પ્રોહી મુદામાલ મળિ આવેલ હોવાની હકીકતને પંચ સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ નથી. જેથી આંક-૦૯ થી રજુ થયેલ પંચનામું પુરવાર થતુ નથી. વિશેષમાં તપાસ કરનાર અધિકારીનો પુરાવો ધ્યાને લેતા પણ પંચનામું પુરવાર થયેલ છે તેમ માની શકાય નહીં. વધુમાં ફરીયાદપક્ષનો પડેલ પુરાવો ધ્યાને લેતા બનાવવાળિ જગ્યા જાહેર જગ્યા હોવાનું ફલીત થાય છે અને બનાવવાળિ જગ્યાએથી સ્વતંત્ર સાહેદો મળિ આવે તેમ હોવા છતા આરોપી ના કબ્જામાંથી પ્રતિબંધિત પ્રોહી મુદામાલ મળિ આવેલ હતો તે હકીકત પુરવાર કરવા કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન તપાસ દરમીયાન ત.ક.અ. એ નોંધેલ હોય તેવું ફલીત થતુ નથી તેમજ સ્વતંત્ર સાહેદોના નિવેદન ન લેવા પાછળનું કોઇ યોગ્ય કારણ પણ ત.ક.અ.ના પુરાવાથી રેકર્ડ પર આવેલ નથી. વધુમાં આ કામે મુદ્દામાલ સંદર્ભમાં કોઈ એફ.એસ.એલ.નો રીપોર્ટ ચાર્જશીટ સાથે રજૂ થયેલ નથી

તેમજ એવો કોઈ રીપોર્ટ રજૂ કરવા માટે ત.ક.અમલદાર ધ્વારા કોઈ મુદતની માંગણી કરવામાં આવેલ નથી. આ કામે પકડાયેલ મુદ્ધામાલની ચકાસણી અંગે એફ.એસ.એલ. રીપોર્ટ રજૂ કરવામાં આવેલ ન હોઈ પકડાયેલ મુદ્ધામાલ પ્રતિબંધિત દેશી દારૂ કે દારૂ બનાવવાનો કાચો આથો હતો એવા તારણ પર આવી શકાય એમ નથી. વિશેષમાં બનાવવાળિ જગ્યા આરોપીના કબ્જા હેઠળ કે માલીકીની હતી કે બનાવ વખતે આરોપી સદર જગ્યા પરત્વે કબ્જો ધરાવતા હતા તે દર્શાવતો કોઇ પુરાવો ત.ક.અ.એ પોતાની તપાસ દરમીયાન મેળવેલ હોય તેવુ ફલિત થતું નથી. આમ, બનાવના સમય અને સ્થળેથી આરોપીના કબ્જા અને ભોગવટામાંથી પ્રતિબંધીત પ્રોહી મુદામાલ મળિ આવેલ હતો તેવુ ફરીયાદપક્ષ નિશંકપણે પુરવાર કરી શકેલ નથી. અત્રે એ નોંધવું જરૂરી છે કે પોલીસ સાહેદોના પુરાવાને આ કોર્ટ નકારતી નથી પરંતુ ઉપર કરેલ ચર્ચા મુજબ પોલીસ સાહેદોના પુરાવાને જયારે અન્ય સાહેદોના પુરાવાથી સમર્થન પ્રાપ્ત થયેલ ન હોય, પોલીસ સાહેદો હિત ધરાવતા સાહેદો હોય તેમજ પકડાયેલ જથ્થો પ્રોહી મુદામાલ હતો તે દશાવતો કોઇ પુરાવો આ કામે રજુ થયેલ ન હોય તેવા સંજોગોમાં આરોપી પાસે પ્રતિબંધિત પ્રોહી મુદામાલ મળિ આવેલ હતો તે હકિકત શંકાથી પર પુરવાર થતી ન હોય આમ, આ કામે આરોપી સામે મૂકવામાં આવેલ તહોમત ઉપરોકત મૌખિક તથા દસ્તાવેજી તમામ પુરાવો લક્ષમાં રાખતાં ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નીવડેલ હોય મુદા નં.૧ નો નિર્ણય નકારમાં ઠરાવવામાં આવે છે અને મુદા નં.ર નો અન્વયે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## – હુ ક મ –

(૧) આ કામના આરોપી **વિનુભાઇ માંડાભાઇ મોરી** ઉ.વ.–૪ર રહે. ખાગેશ્રી ગામ, ધુના કાંઠો, તા.કુતીયાણા, જી.પોરબંદર. મુળ રહે. બોચવડી નેશ, તા.જામજોધપુર, જી.જામનગર. ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ– ૨૭૧ અન્વયે પ્રોહીબીશન એકટની કલમ– ૬૫(બી)(સી)(ડી)(ઇ)(એફ) મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મૂકવામાં આવે છે.

(૨) મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબનાં પ્રોહીબીશન મુદ્દામાલ અંગે અગાઉ કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો તે મુદ્દામાલ અપીલ સમય વિત્યા બાદ નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે આરોપીએ બી.એન.એસ.એસની કલમ–૪૮૧ મુજબ અપીલ સમયસુધીના રૂા.૫૦૦૦/– (રૂપિયા પાંચ હજાર પુરા/–) ના જામીન તથા તેટલી જ રકમનો જાતમચુરકો રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૦૧મી માહે એપ્રીલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:– જામજોધપુર
તા. ૦૧–૦૪–૨૦૨૬

**(નરેશકુમાર રમેશભાઈ ગોહેલ)**
જયુડિશિયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
જામજોધપુર
જજ કોડ : જીજે – ૦૧૫૮૪

ડી.એચ.ચુડાસમા
ગુજ.સ્ટેનો